
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ નવેમ્બર, ૨૦૨૪ Vol. 19 No. 11

## રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત થનાર
# અતુલભાઈ પ્રમોદરાય પાઠકજી



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# આપણા રૂઢિભંજક માધુભાઈ

રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત આપણા માધુભાઈ કાકડીયા સાચે જ રૂઢિભંજક છે. કાળી ચૌદસે રાત પડતાની સાથે સંખ્યાબંધ ઘરોમાંથી વડાં અને બીજા ખોરાક લઈને બહાર નીકળી પડતા લોકોને દાયકાથી પણ વધારે સમયથી સત્યશોધક સભાના ઉપક્રમે માધુભાઈ આગેવાની લઈને પ્રેમથી સમજાવે છે કે તેઓ ખોરાક જાહેર રસ્તા પર નહીં ફેંકે. એમના એ ફેંકવાથી કોઈના પેટમાં જવો જોઈએ તે ખોરાક રસ્તા પર રઝળે છે, ધૂળ ભેગો થાય છે. ઉપરાંત ગંદકી વધારે છે. ઘણા લોકો એમના આ આગ્રહને સ્વીકારતા થયા છે. તેઓ વડાં અને અન્ય ખોરાક માધુભાઈએ ગોઠવેલ વાસણોમાં મૂકે છે. માધુભાઈ અને કાર્યકરો તે ખોરાકને જરૂરિયાતમંદો વચ્ચે વહેંચે છે. આ કામમાં સુરત મહાનગરપાલિકા પણ સાથ આપે છે. આ વર્ષે પણ એમણે આ રૂઢિને ભાંગતો કાર્યક્રમ સફળતાપૂર્વક કર્યો.



ગુજરાતમાં અન્ય ડઝનેક સ્થળોએ પણ રેશનાલિસ્ટોનો આ કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મૂકયો. કહી શકાય કે હજારો કીલો ખોરાક કોઈના પેટમાં ગયો અને દીવાળીના દિવસોમાં ઘરઆંગણા ઉપરાંત શેરીઓમાં પણ એટલી સ્વચ્છતા રહી. સડક પર ફેંકવાથી નહીં, પરંતુ ઘરની બહાર ગોઠવાયેલા વાસણોમાં વડા મૂકવાથી ઘરનો કંકાસ દૂર થાય એ ફેરફાર પણ રૂઢિભજક છે. આ સંદર્ભે લંકેશ ચક્રવર્તી, પીયૂષ જાદુગર અને બીજા કેટલાક જવાંમર્દો રેશનાલિસ્ટોએ પલ્લીમાં ઘીને વેડફાતું અટકાવવા તનતોડ મહેનત કરી, પરંતુ નિષ્ફળ રહ્યા. આ હકીકત સૂચવે છે કે રૂઢિઓને તોડવાનું કામ ખૂબ મુશ્કેલ છે. માધુભાઈએ જેમ ધીરજ રાખીને લોકોના વિચારમાં પરિવર્તન લાવવાનું કામ કર્યું તેમ નજીકના જ ભવિષ્યમાં પલ્લીમાં ઘીનો બગાડ થતો અટકશે જ. એમાં કાર્યરત રેશનાલિસ્ટો ધીરજ રાખીને આ અભિયાન ચાલુ રાખવાના જ છે તે ખૂબ આશાસ્પદ સંકેત છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ નવેમ્બર, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૬ | Vol. 19 No. 11


## 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત થનાર અતુલભાઈ પ્રમોદરાય પાઠકજી

–સૂર્યકાન્ત શાહ

આ વર્ષે સુરતના શ્રી અતુલભાઈ પ્રમોદરાય પાઠકજી 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત થનાર છે. સત્યશોધક સભાની કારોબારીએ અતુલભાઈને આ ચંદ્રક અર્પણ કરવાનો નિર્ણય લીધો છે. આ વર્ષે સત્યશોધક સભાએ સુરત અને તેની આજુબાજુના વિસ્તારના સ્થાનિક રેશનાલિસ્ટને તે અર્પણ કરવાનો હતો. અતુલભાઈ પ્રખર રેશનાલિસ્ટ છે. એમને રેશનાલિઝમનો જાણે કે વારસો મળ્યો છે ! ત્રણ પેઢીથી એમના વડવા રેશનાલિઝમને વરેલા હતા. એમાંયે એમના પિતાશ્રી તો પૂરા નવ્વાણુ વર્ષ અને ૪ મહિના જીવ્યા ત્યાં સુધી વિવેકબુદ્ધિવાદી રહ્યા. 'સત્યાન્વેષણ' માટે મેં એમનો ઈન્ટરવ્યૂ પણ લીધેલો, જે ઈ. સ. ૨૦૦૨માં 'સત્યાન્વેષણ' માં પ્રસિદ્ધ થયો હતો. જાણવા જેવું છે કે પિતૃપક્ષે બધા જ જ્યારે નાસ્તિક હતા, અથવા રેશનાલિસ્ટ હતા ત્યારે એમના માતુશ્રીથી માંડી દાદી––પરદાદી અને ભૂતકાળમાં આગળ બધા જ પૂરા આસ્તિક હતા ! વિચારો કે, પાઠકજી કુટુંબમાં પતિ–પત્ની જેવા સંબંધોમાં પણ ઉત્તર–દક્ષિણ વિચારધારા હતી,


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

છતાં એકાદ અપવાદ સિવાય એ બધાં જ પ્રેમાળ દંપતિ હતા ! અતુલભાઈ નાસ્તિક છે, જ્યારે એમના પત્ની દીપિકાબેન આસ્તિક છે, છતાં એમને નજીકથી ઓળખનારા જાણે છે જ કે એ દંપતિ કેટલું પ્રેમાળ છે. હવે આ ચીલામાં અપવાદ થયો છે. એમના પુત્ર સુગીત અને પુત્રવધૂ સપના બન્ને નાસ્તિક છે !

અતુલભાઈ અને ભાઈ સુગીત આજે તો સત્યશોધક સભાના ઉત્સાહી કાર્યકર તરીકે સેવા આપે છે. સત્યશોધક સભાની ઈ.સ. ૧૯૮૪માં ચેરિટિ કમિશ્નરની કચેરીમાં વિધિપૂર્વક નોંધણી થઈ ત્યારે અતુલભાઈ સંસ્થાના ઉપપ્રમુખ હતા. આજે પણ ઉપપ્રમુખ છે ! અતુલભાઈએ સત્યશોધક સભાને માતબર દાન આપી એમના દાદા શ્રી બાલકૃષ્ણ પાઠકજીને નામે નિબંધ સ્પર્ધા અને પિતાશ્રી પ્રમોદચંદ્ર પાઠકજીને નામે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સંસ્થા કરે તેવી વ્યવસ્થા કરી આપી છે. આ ઉપરાંત, સંસ્થાને તેઓ વારંવાર એમનું યોગદાન આપતા રહે છે. સત્યશોધક સભાની પ્રવૃત્તિઓ જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં થતી રહે તે માટે તેઓ વ્યવસ્થા કરી આપે છે. સત્યશોધક સભાનો ભાગ્યે જ એવો કોઈ કાર્યક્રમ હશે કે જેમાં અતુલભાઈની ગેરહાજરી હોય ! એના પ્રત્યેક કાર્યક્રમમાં એમના તરફથી જરૂરી માર્ગદર્શન સતત મળતું રહે છે.

એમણે ૪૦ પુસ્તિકાઓ લખી છે. લગભગ બધી જ પુસ્તિકાઓમાં અતુલભાઈનો રેશનાલિસ્ટનો જીવ ટહુકો કરતો હોય છે. તેઓ સ્પષ્ટ માને છે કે રેશનાલિઝમ અને તેને સંબંધિત વિષયોને લગતા સાહિત્યનું સતત સર્જન થવું જોઈએ. એને કોઈને કોઈ વાંચશે, જે અંતે તો એમને રેશનાલિઝમના રાહે વાળશે. વિવિધ ક્ષેત્રે એમના આગવા પ્રદાનની ઘણી સંસ્થાઓએ સકદર નોંધ લીધી છે. આથી એમને અનેક પુરસ્કારો અને ચંદ્રકોથી નવાજવામાં આવ્યા છે. તેઓશ્રી એકાધિક સંસ્થાઓના રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે કારોબારી સભ્યથી માંડી પદાધિકારી તરીકે આજે પણ સેવા આપી રહયા છે. આ બધામાં રાજ્ય અને દેશમાં આપણી રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર–પ્રસાર અર્થે તેઓ તન–મન–ધનથી નેત્રદીપક સેવા આપી રહ્યા છે.

આમ આવા પ્રબુદ્ધ છતાં કર્મઠ રેશનાલિસ્ટ અતુલભાઈને તા. ૧૯–૧–૨૫ ને રવિવારે નવાજવામાં આવશે. અમૈ સૌ એ દિવસની આતુરતાથી રાહ જોઈએ છીએ. સૌ વાચકોને તેના સાક્ષી બનવા માટે હાર્દિક આમંત્રણ છે.

# આપણા પેટ્રન મુરબ્બી ડો. બી. એ. પરીખ

–તંત્રીલેખ



'સત્યાન્વેષણ'ના તંત્રીલેખમાં હજી સુધી વ્યક્તિ–વિશેષને સ્થાન આપવામાં આવ્યું નથી. આજે તેમાં અપવાદ કરવામાં આવે છે. અપવાદ કરવો જ પડે એમ છે. આપણા પેટ્રન મુરબ્બી ડૉ. બી. એ. પરીખ વ્યક્તિ–વિશેષ હોવા ઉપરાંત એક સંસ્થા બની ગયા છે. તેઓ શ્રી સત્યશોધક સભાના પર્યાય બની ગયા છે. સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેઓ સત્યશોધક સભાના પ્રાણ બની ગયા છે. તેઓશ્રી એમ. ટી. બી. કૉલેજના આચાર્ય બન્યા. યુનિવર્સિટીઓમાં ડીન બનવા ઉપરાંત અનેક પદ પર આરૂઢ થયા, પરંતુ સત્યશોધક સભાને ભૂલ્યા નહીં. એને માટે એમણે સતત કાર્ય કરવાનું ચાલુ જ રાખ્યું. સુખદ આશ્ચર્ય તો ત્યારે સર્જાયું કે જ્યારે તેઓ આપણી યુનિવર્સિટીના કુલપતિ બન્યા. છ–છ વર્ષ સુધી એ પદને એમણે શોભાવ્યું. નાસ્તિકતા અને રેશનાલિઝમને વરેલી તેમ જ તે માટે સતત પ્રવૃત્ત સત્યશોધક સભા સાથે તેઓ સંકળાયેલા રહે તો તેમના આ ઉચ્ચ પદ પર એમને નુકસાન થાય તેવી દરેક સંભવિતતા હતી, પરંતુ બી. એ. પરીખ જેનું નામ ! એમણે સત્યશોધક સભા સાથેના સંપર્ક જીવંત જ રાખ્યા. આગળ વધીને પદને લગતી બધી મર્યાદાઓ સ્વીકારીને એમણે રેશનાલિઝમના પ્રચાર–પ્રસારનું કાર્ય સતત ચાલુ જ રાખ્યું ! એમના પદકાળના છેલ્લા તબક્કામાં તો એમની ઘણી કસોટી થઈ, પરંતુ તેઓશ્રીએ પોતાની વિચારધારા સાથે જરાયે બાંધછોડ નહીં કરી. સત્તાવાળાઓ સમક્ષ રેશનાલિઝમ બાબતે 'સૂઝતુ સૂઝતુ' બોલવાનું પણ રાખ્યું નહીં. પોતે જેમાં માને છે, તેમાં 'માને' છે.

નિવૃત્તિ પછી પણ તેઓ પલાઠી વાળીને બેઠા નથી. સત્યશોધક સભા અને 'સત્યાન્વેષણ' માટે તેઓ તન–મન–ધનથી યોગદાન આપી જ રહ્યા છે. નિવૃત્તિ દરમિયાન જ્યારે એમણે 'હા...શ !' નો શ્વાસ લેવાનો હતો ત્યારે જ એમનો એક જુવાનજોધ દીકરો કાયમને માટે વિદાય થયો ! બાપને આ 'ઘા' ખૂબ તીવ્ર લાગતો હોય છે. તેઓ શ્રી રેશનાલિઝમને વરેલા છે. જલદી સ્વસ્થ થયા. આ ઘા રુઝાયો ને એમના પત્ની

દિવાળીના જ દિવસોમાં સખત દાઝી ગયા. ઘણા પ્રયત્નો બાદ પણ તે બચ્યા નહીં ! કેવો કારમો ઘા ! આટલા દુઃખદ બનાવો બને ત્યારે કાચોપોચો રેશનાલિસ્ટ પ્રારબ્ધવાદી બની જાય એવી દરેક સંભવિતતા છે. ડૉ. બી. એ. પરીખે રેશનાલિઝમને બરાબર પચાવ્યું છે. પુત્ર, પત્નીની વાતો નીકળે ત્યારે તેઓ ગળગળા થઈ જાય છે, પણ તેનાથી પ્રારબ્ધવાદી બનવાનું કોઈ કારણ નહીં જ હોવાનું તેઓ મક્કમતાથી માને છે.

એમની જન્મ તારીખ તા. ૨૩–૧૧–૧૯૩૨ છે. આઠ દિવસ પછી તેઓ ૯૨ વર્ષ પૂરાં કરશે. નાની મોટી શારીરિક વ્યાધિઓ એમને કનડવા માંડી છે. એ બધાંની સંપૂર્ણ વૈજ્ઞાનિક એવી એલોપથી સારવાર તેઓ લે છે, પણ પ્રવૃત્ત રહેવાની જીદ તો છોડતા જ નથી ! સત્યશોધક સભાની એક પણ મીટિંગ, કાર્યક્રમ કે ચર્ચા–વિચારણામાં તેઓ ગેરહાજર રહ્યા હોય એવું ભાગ્યે જ બન્યું છે. રેશનાલિઝમ એમનું ડી.એન.એ. છે, તો સત્યશોધક સભા એમના હૃદયનો એકએક ધબકાર છે. આથી બને છે એવું કે સવારે ‘ચાલવા’ જાય ત્યારે તદ્દન નવા યુવાન–પ્રૌઢ મિત્રો સાથે પણ તેઓ રેશનાલિઝમ અને સત્યશોધક સભાની વાત તો છેડે જ છે. ઊંડા દિલમાંથી આવતી એમની વાતોનો શ્રોતાઓ પર પ્રભાવ પડે છે. એમની મારફતે નાનાં–મોટાં દાન આથી મળતા રહે છે, પરંતુ આ અંકમાં તમે વાંચ્યું હશે જ કે આ જ રીતે તેઓશ્રીએ સંસ્થા માટે પાંચ લાખ રૂપિયા જેટલું મોટું દાન મેળવ્યું છે. સત્યશોધક સભાને બી. એ. પરીખ નામની વ્યકિતનો માત્ર સહારો નથી મળ્યો, પરંતુ એમના રકતનું એક એક બુંદ મળ્યું છે. આવા મુરબ્બીની છત્રછાયામાં સત્યશોધક સભા હજી વધારે ને વધારે પ્રગતિ કરે અને પ્રવૃત્ત બને તો એનો સૌથી પહેલો અને સૌથી વધારે આનંદ ડૉ. બી. એ. પરીખને જ થાય. સત્યશોધક સભામાં આપણે કાર્યરત કાર્યકરો અને આ તંત્રીલેખ વાંચતા વાચકો પોતપોતાના સ્થાને રેશનાલિઝમને આગળ વધારશે તો આપણા આ મુરબ્બીને કેટલો બધો આનંદ મળતો રહેશે !

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# અતુલભાઈ પાઠકજીનો
# પરિચય

સંબંધોના માનવી તરીકે ઓળખાતા આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ રચનાત્મક કાર્યકર, 'સત્યશોધક સભા'ના સ્થાપના સમયથી જ તેની સાથે સંકળાયેલા જાણીતા પ્રગતિશીલ સુધારાવાદી તેમ જ રેશનાલિસ્ટ ચિંતક, સોવિયેટ સંઘ તેમ જ પૂર્વ યુરોપના દેશો અંગેની બાબતોના ભારત સરકારના ભૂતપૂર્વ સત્તાવાર વિદેશનીતિ સલાહકાર, સતત ૩૫ વર્ષ સુધી 'રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ'ના અધ્યક્ષપદે રહેલા ભારતના સંન્નિષ્ઠ હિન્દી પ્રચારક, વિશ્વમાં ઈ. સ. ૧૯૯૦માં સૌથી વધુ 'ગ્રાહક શિક્ષણ'નો ફેલાવો કરવાનો નવો વિશ્વવિક્રમ સ્થાપિત કરનાર, 'વિશ્વશાંતિ', 'રાષ્ટ્રિય એકતા', 'શિક્ષણ', 'ગ્રંથાલય', 'આરોગ્ય' તેમ જ 'બાળશિક્ષણ' ક્ષેત્રે અદ્વિતીય કામગીરી બજાવનાર છેલ્લા ૫૦ વર્ષથી 'રોટરી કલબ' સાથે સંકળાયેલા પાસ્ટ રોટરી ડિસ્ટ્રીકટ આસિસ્ટન્ટ ગવર્નર, 'કોમી એકતા'ના પ્રખર હિમાયતી, 'રાજનીતિ', 'નેહરુવાદ', 'સર્વોદયવાદ', 'માકર્સવાદ', 'માઓવાદ' તેમ જ 'સોવિયેટોલોજી' ના ઊંડા અભ્યાસી અને અનેક વૈવિધ્યપૂર્ણ વિષયો ઉપર ૪૦ પુસ્તકો લખનાર વિદ્વાન સાહિત્યકાર, ઈતિહાસકાર તેમ જ ભાષાન્તરકાર ડૉ. અતુલભાઈ પ્રમોદચંદ્ર પાઠકજીનો જન્મ તા. ૨૨ મી ઓકટોબર ૧૯૪૫ને દિને સુરતમાં થયો.

અવૈધિક રીતે ઈ. સ. ૧૯૮૦ માં 'સત્યશોધક સભા'ની સ્થાપના થઈ, ત્યારથી અતુલભાઈ પાઠકજી તેની સાથે સંકળાયેલા છે અને જ્યારે શ્રી ગોરધનદાસ ચોખાવાળા 'સત્યશોધક સભા'ના પ્રમુખ હતા ત્યારે શરૂઆતના ૮ વર્ષ ઈ. સ. ૧૯૮૦ થી ૧૯૮૮ સુધી અતુલભાઈ પાઠકજી 'સત્યશોધક સભા'ના ઉપપ્રમુખ હતા. અતુલભાઈ પાઠકજીના પિતા ડૉ. પ્રમોદરાય પાઠકજી અને દાદા એડવોકેટ બાળકૃષ્ણ પાઠકજી પણ રેશનાલિસ્ટ હતા. હાલમાં અતુલભાઈ પાઠકજીના પુત્ર સુગીત પાઠકજી અને પુત્રવધૂ શ્રીમતિ સપના પાઠકજી પણ રેશનાલિસ્ટ વિચારો ધરાવે છે.

શ્રી અતુલભાઈ પાઠકજીને સોવિયેટ સંઘનું સર્વોચ્ચ સન્માન 'ઓર્ડર ઑફ લેનિન' અર્પણ કરવામાં આવ્યું હતું. મોસ્કોથી ૮ ભાષામાં પ્રકાશિત થતા 'મોસ્કો ન્યુઝ' માં ઈ. સ. ૧૯૮૭ માં અતુલભાઈ પાઠકજીએ લખેલો લેખ 'રીલિજીયન ઈન યુ. એસ. એસ. આર.' બે હપ્તામાં પ્રકાશિત થયો હતો. જેને ઈ. સ. ૧૯૮૭ના વર્ષમાં

'મોસ્કો ન્યુઝ'માં પ્રકાશિત થયેલા લેખોમાં સર્વશ્રેષ્ઠ લેખ જાહેર કરવામાં આવ્યો હતો. આ લેખ લખવા બદલ અતુલભાઈ પાઠકજીને 'મોસ્કો ન્યુઝ' તરફથી ડી. એસ. (ડૉકટર ઑફ સોવિયેટોલોજી)ની માનદ પદવી અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત અતુલભાઈ પાઠકજીને ડી.એમ.એલ.પી. ( ડૉકટર ઑફ માર્કસીસ્ટ લેનિનીસ્ટ ફિલોસોફી )ની માનદ પદવી પણ અર્પણ થઈ હતી. વધુમાં અતુલભાઈ પાઠકજીને 'સોવિયેટ લૅન્ડ નેહરુ પીસ પ્રાઈઝ, મુંબઈ' પણ અર્પણ થયું હતું.

તા. ૫મી મે ૧૯૭૮ના દિને અફઘાનિસ્તાનમાં ક્રાંતિ થઈ અને સામ્યવાદી સરકાર અસ્તિત્વમાં આવી. ત્યારબાદ અફઘાન સરકાર તરફથી 'ઈન્ટરનેશનલ એડવાઈઝરી બોર્ડ ફોર અફઘાન પ્રોગ્રેસિવ ગ્રુપ, કાબુલ'ની સ્થાપના કરવામાં આવી. આ બોર્ડમાં અફઘાન સરકાર તરફથી સત્તાવાર રીતે શ્રી અહેસાન જાફરી અને શ્રી અતુલભાઈ પાઠકજીની નિયુકિત કરવામાં આવી. ઈ. સ. ૧૯૭૮ થી ઈ. સ. ૧૯૯૨ સુધી ઉપરોકત બન્ને મહાનુભાવો આ બોર્ડના સભ્યપદે રહ્યા.

વધુમાં અતુલભાઈ પાઠકજી 'કે. ડી. માલવિયા નેશનલ ઈન્સ્ટીટયુટ્ ઓફ સોશ્યાલિસ્ટ એજ્યુકેશન'ની કાર્યવાહક સમિતિના સભ્યપદે પણ હતા.

ઉપરોકત તમામ પ્રવૃત્તિઓ ઈ. સ. ૧૯૯૨માં સોવિયેટ સંઘનું પતન થયું ત્યાં સુધી ચાલતી હતી.

હાલમાં અતુલભાઈ પાઠકજી 'ઓલ ઈન્ડિયા પીસ એન્ડ સોલિડારિટિ ઓર્ગેનાઈઝેશન, (એઈપ્સો), ન્યુ દિલ્હી'ની ગુજરાત શાખાના પ્રમુખ છે.

અતુલભાઈ પાઠકજી 'ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઑફ એજ્યુકેટર્સ ઑફ પીસ, ન્યૂયોર્ક', 'કોમનવેલ્થ ઈન્સ્ટીટયુટ ઑફ હ્યુમનરાઈટ્સ ઍન્ડ સોશ્યલ જસ્ટીસ, લંડન' અને 'એશિયન ઈન્સ્ટીટયુટ ઓફ હ્યુમન રાઈટ્સ એજ્યુકેશન, ભોપાળ'ની પશ્ચિમ ભારત શાખાના પ્રમુખ છે.

ભારત સરકાર તરફથી તેમ જ ગુજરાત સરકાર તરફથી અતુલભાઈ પાઠકજીની જુદે જુદે વખતે જુદા જુદા બોર્ડ તથા નિગમોમાં સત્તાવાર રીતે નિયુકિત કરવામાં આવી હતી. અતુલભાઈ પાઠકજીની 'સી.આર.પી.એફ.નેશનલ ઍડવાઈઝરી બોર્ડ, ન્યુ દિલ્હીના અધ્યક્ષપદે, 'પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયા' (હાલના 'નીતિ આયોગ') ન્યુ દિલ્હીના સભ્ય પદે, 'કસ્ટમ એન્ડ સેન્ટ્રલ એકસાઈઝ નેશનલ એડવાઈઝીંગ વોર્ડ', ન્યુ દિલ્હીના સભ્ય પદે, 'પીસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા', દિલ્હી, ના સભ્યપદે અને 'વેસ્ટર્ન રેલ્વે ફુડ કન્સલ્ટેટિવ વોર્ડ' મુંબઈના સભ્ય પદે ભારત સરકાર તરફથી સત્તાવાર નિયુકિત કરવામાં આવી હતી.

ઈ. સ. ૧૯૬૦થી શ્રી અતુલભાઈ પાઠકજી રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર–પ્રસારની કામગીરીમાં સક્રિય બન્યા. 'રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ', સુરત તરફથી એક સભાખંડ બંધાવી આપ્યો. ઈ. સ. ૨૦૦૪ માં અતુલભાઈ પાઠકજી 'ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ', અમદાવાદની કાર્યવાહક સમિતિના સભ્ય બન્યા. ઈ. સ. ૨૦૧૧માં અતુલભાઈ પાઠકજીને 'ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ', અમદાવાદનું સર્વોચ્ચ સન્માન 'જેઠાલાલ જોષી હિન્દી સેવા સન્માન' અર્પણ કરવામાં આવ્યું. આ પછી 'અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા', વર્ધા તરફથી અતુલભાઈ પાઠકજીને 'દીર્ઘકાલિન હિન્દી સેવા આંતરરાષ્ટ્રીય સન્માન' અર્પણ કરવામાં આવ્યું. હાલમાં અતુલભાઈ પાઠકજી 'ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ', અમદાવાદના ઉપાધ્યક્ષ છે. ઈ. સ. ૨૦૧૪ થી અતુલભાઈ પાઠકજી 'અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ', વર્ધાની વ્યવસ્થાપક સમિતિના સભ્યપદે છે.

ઈ.સ. ૧૯૮૯થી ઈ. સ. ૨૦૨૪, એમ ૩૫ વર્ષ સુધી અતુલભાઈ પાઠકજીએ 'રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ', સુરતનું અધ્યક્ષપદ સંભાળ્યું. આમ અતુલભાઈ પાઠકજીએ સૌથી વધુ વર્ષ (૩૫) વર્ષ સુધી 'રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ', સુરતનું અધ્યક્ષપદ સંભાળવાનો નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

અતુલભાઈ પાઠકજીએ જુદા જુદા વિષયો ઉપર ૪૦ જેટલાં પુસ્તકો લખ્યા છે. જેમાંથી ૧૯ જુદી જુદી વ્યકિતઓનાં જીવનચરિત્રો છે. શ્રી અતુલભાઈ પાઠકજીએ લખેલા 'ભારત–સોવિયેટ મૈત્રી' પુસ્તકને 'સોવિયેટ લેન્ડ નેહરુ ઍવોર્ડ', મુંબઈ, અર્પણ કરવામાં આવ્યો હતો. તેમણે લખેલા 'શિક્ષણનો સાથી' પુસ્તકને 'ગુજરાત સાહિત્ય એકેડેમી', ગાંધીનગરનો એવોર્ડ અર્પણ થયો છે. તેમણે લખેલાં બે પુસ્તક 'નીડર છેલભાઈ' અને 'મોહનલાલ પાર્વતીશંકર દવેની જીવનસફર' ને 'ગુજરાતી સાહિત્ય પરિષદ', અમદાવાદના 'કાકાસાહેબ કાલેલકર એવોર્ડ' અર્પણ થયા છે. ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે લખેલા શિક્ષણ અંગેના લેખોનું અતુલભાઈ પાઠકજીએ ભાષાંતર કરી, 'રવિન્દ્રલેખન' નામના પુસ્તકનું પ્રકાશન કર્યું, જે માટે તેમને 'મહાદેવભાઈ દેસાઈ ભાષાંતર એવોર્ડ' અર્પણ થયો છે. 'ગુજરાત સાહિત્ય સંગમ', ગાંધીનગર તરફથી અતુલભાઈ પાઠકજીને ગુજરાતી ભાષાના સર્વશ્રેષ્ઠ જીવનચરિત્ર લેખક તરીકે 'ઈન્દુલાલ યાજ્ઞિક જીવન ચરિત્ર ઍવોર્ડ' અર્પણ થયો છે. ગુજરાત લોકસાહિત્ય સંઘ, અમદાવાદ તરફથી અતુલભાઈ પાઠકજીને સૌથી વધુ વૈવિધ્યપૂર્ણ વિષયો ઉપર પુસ્તકો લખવા બદલ 'ઝવેરચંદ મેઘાણી એવોર્ડ' અર્પણ થયો છે.

'ગાંધી ઈન્ટરનેશનલ પીસ પ્રાઈઝ' 'જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ ઍવોર્ડ ફોર ઈન્ટરનેશનલ અંડરસ્ટેન્ડીંગ,' 'વર્લ્ડ હ્યુમનરાઈટ્સ પ્રોટેકશન ઍવોર્ડ' અને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સવાશતાબ્દી ઈન્ટર નેશનલ ઍવોર્ડ,' સહિત ૧૨૦ ઉપરાંત રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સન્માનો અતુલભાઈ પાઠકજીને અર્પણ થયાં છે.

વિશ્વમાં એક સાથે સૌથી વધુ બિનસરકારી જાહેર સંસ્થાઓ (એન.જી.ઓ)માં હોદ્દા ધારણ કરવાનો નવો વિશ્વવિક્રમ સ્થાપિત કરવા બદલ તેમજ 'ગ્રાહક શિક્ષણ'નો સૌથી વધુ ફેલાવો કરવા બદલ અતુલભાઈ પાઠકજીને ઈ. સ. ૧૯૯૨માં 'ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' તેમ જ 'લિમ્કા બુક ઑફ રેકોર્ડસ'માં સ્થાન પ્રાપ્ત થયું હતું.

ન્યૂયોર્કથી પ્રકાશિત થતાં 'ટાઈમ' મેગેઝીનમાં ઈ. સ. ૧૯૯૩માં વિશ્વમાં સૌથી વધુ ૧૦૦ પ્રતિભાશાળી વ્યકિતઓની યાદીમાં અતુલભાઈ પાઠકજીને સ્થાન પ્રાપ્ત થયું હતું.

આરોગ્ય ક્ષેત્રે ભારત સરકારના આરોગ્ય ખાતા તરફથી ઈ. સ. ૨૦૦૪થી ઈ. સ. ૨૦૦૭ દરમિયાન 'માલન્યુટ્રીશન નેશનલ એડવાઈઝરી બોર્ડ', ન્યૂ દિલ્હીના સભ્યપદે સત્તાવાર નિયુકિત થઈ હતી. મુંબઈની જાણીતી 'જસલોક હોસ્પિટલ'ની ગવર્નિંગ બોડીમાં તેઓ ભૂતકાળમાં સભ્ય હતા. આ ઉપરાંત 'વૉકહાર્ટ હોસ્પિટલ'ની એડવાઈઝરી બોર્ડના પણ તેઓ સભ્ય હતા. હાલમાં તેઓ 'અખિલ હિન્દ કુષ્ટ નિવારણ સંઘ'ની રાષ્ટ્રીય કરોબારી સમિતિના સભ્ય છે, 'ટી. બી. એસોસિએશન' સાથે તેઓ ઈ. સ. ૧૯૭૦ થી સંકળાયેલા છે, અને હાલમાં છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ 'ગુજરાત સ્ટેટ ટી. બી. એસોસીએશન', અમદાવાદના ઉપાધ્યક્ષ છે. તેઓ 'ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ન્યૂ દિલ્હીની સુરત ડિસ્ટ્રીકટ બ્રાન્ચમાં ભૂતકાળમાં લગભગ ૨૫ વર્ષ સુધી ઉપાધ્યક્ષપદે હતા. આ ઉપરાંત તેઓ 'મિલ્લત હેલ્થ ઍન્ડ મેડિકલ રીલીફ સોસાયટી', સુરત અને 'સુરત આર્થરાઈટિસ એસોસિએશન'ના પૂર્વ પ્રમુખ છે.

શૈક્ષણિક ક્ષેત્રે હાલમાં અતુલભાઈ પાઠકજી 'ભારતીય વિદ્યાભવન, મુંબઈ'ની કાર્યવાહક સમિતિના સભ્ય, 'ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ઑફ એજ્યુકેશન એન્હાન્સમેન્ટ', ગાંધીનગરના અધ્યક્ષ, 'ગુજરાત રાજ્ય પ્રૌઢ શિક્ષણ સંઘ', અમદાવાદના ઉપપ્રમુખ, 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ', અમદાવાદના ટ્રસ્ટી અને 'સી. જી. એસ. મહિલા વિદ્યાલય મંડળ', સુરતના ઉપાધ્યક્ષ છે.

# રેશનલ ચળવળ

## ગરબા અને કોમી એકતા

'ફુલીબહેન અને ઝેહરા સાઈકલવાળા ચેરીટેબલ ટ્રસ્ટ' તરફથી ઉધના ગામમાં આવેલા 'ભીડભંજન મહાદેવ'ની ધર્મશાળામાં 'કોમી એકતા ગરબા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'કોમી એકતા ગરબા મહોત્સવ'માં ભીડભંજન મહાદેવના મહંત શ્રી જયેશભાઈ ભટ્ટે ઉપસ્થિત રહી માતાજીની આરતી કરી હતી. આ ગરબા મહોત્સવમાં હિન્દુ, મુસ્લિમ અને વૉરા ભાઈબહેનોએ મળીને ગરબા ગાયા હતા. આ 'કોમી એકતા ગરબા મહોત્સવ'માં શ્રી અતુલભાઈ પાઠકજી અને શ્રી વિજયભાઈ શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગરબાને અંતે સૌ 'સંગીત ખુરશી' પણ રમ્યા હતા.

'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' અને હિન્દુ મહાસભા'એ જ્યારે હિન્દુ સિવાયની અન્ય કોઈપણ કોમની વ્યકિતને ગરબામાં પ્રવેશવા ન દેવાની જાહેરાત કરી હતી, ત્યારે શ્રી ઝહેરાબહેન સાઈકલવાળાએ 'કોમી એકતા ગરબા મહોત્સવ'નું આયોજન કરી પ્રશંસનીય ઉદાહરણ પૂરુ પાડયું છે.

## અપીલ

ગુજરાતી ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# રમણભ્રમણ સુવર્ણચંદ્રક સંબંધિત માહિતી

**–સુગીત પાઠકજી**

( બીપીન શ્રોફને ચંદ્રક અર્પણ કરવાના સમારંભમાં વક્તવ્યનો સાર )

રેશનાલિઝમને ક્ષેત્રે રમણભાઈ પાઠકનું મોટું યોગદાન છે. તેમનો સમાજ પર એક પ્રભાવ હતો. તેઓ ‘ગુજરાતમિત્ર’માં ‘રમણભ્રમણ’ નામે કોલમ લખતા હતા. જેનો બહોળો વાચક વર્ગ હતો. ૧૯૯૭માં રેશનાલિસ્ટોએ રમણભાઈના ૭૫ વર્ષની ઉજવણીમાં એવું નક્કી કર્યું કે રમણભાઈ પાઠકનું સન્માન થવું જોઈએ, અને તેમને ચંદ્રક આપવો જોઈએ. આમ, રમણભાઈ પાઠકનું સન્માન કરવા માટે સત્યશોધક સભા તરફથી ભંડોળ ભેગું કરવામાં આવ્યું હતું. રમણભાઈ પાઠકે આ રકમને સન્માન પેટે સ્વીકારી નહીં, અને તે ભંડોળ તેમણે સત્યશોધક સભાને ભેટ તરીકે આપ્યું હતું.

આ ઘટનાક્રમથી સત્યશોધક સભાએ નક્કી કર્યું કે આ ભંડોળથી રેશનાલિસ્ટોનું સન્માન કરવું. આ સન્માન માટે રમણભાઈ પાઠક દ્વારા લખાતી કોલમ ‘રમણભ્રમણ’ને નામે સુવર્ણ ચંદ્રક આપવાનું શરૂ થયું. આમ ‘રમણ–ભ્રમણ સુવર્ણચંદ્રક’ ની શરૂઆત થઈ.

૧૯૯૭માં પહેલો ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રક બાબુભાઈ દેસાઈને આપવામાં આવ્યો હતો. આ ચંદ્રક શ્રીરામ લાગુના હાથે અપાયો હતો. ત્યાર પછી એવું નક્કી થયું કે એક વર્ષ આ ચંદ્રક સુરતમાં કાર્યરત સ્થાનિક રેશનાલિસ્ટોને આપવો, અને બીજા વર્ષે ગુજરાત–મુંબઈ ક્ષેત્રે કાર્યરત રેશનાલિસ્ટોને આપવો.

૧૯૯૭માં બાબુભાઈ દેસાઈને ચંદ્રક અપાયા બાદ આ ચંદ્રક અનુક્રમે અબ્દુલ વાકાણી, સિદ્ધાર્થભાઈ દેગામી, ચતુરભાઈ ચૌહાણ, પ્રો. સૂર્યકાન્તભાઈ શાહ, અશ્વિનભાઈ કારીયા, એન. વી. ચાવડા, ગુલાબભાઈ ખેડા, વલ્લભભાઈ ઈટાલિયા, ઈન્દુકુમાર જાની, મધુભાઈ કાકડિયા, મુકુંદભાઈ સીંધવ, ગુણવંતભાઈ ચૌધરી, જે. પી. મહેતા, ઉત્તમભાઈ પરમાર, જેરામ દેસાઈ, પ્રેમ સુમેસરા, જયંત પંડયા, વિજય ભગત, ગોવિન્દ મારુ, મનસુખ નારિયા, ડૉ. સુજાત વલી, ડૉ. સુષ્માબેન ઐય્યર, શ્રી બીપીનભાઈ શ્રોફ, હવે એ સન્માન અતુલભાઈ પાઠકજીને મળવા જઈ રહ્યું છે.

જ્યારે ચંદ્રક અર્પણ કરવાની પ્રથા શરૂ થઈ ત્યારે સોનાના ભાવ ખૂબ ઓછા હતા. હાલમાં એના ભાવ ખૂબ જ વધી ગયા. આવી પરિસ્થિતિમાં ‘રમણભ્રમણ’ સુવર્ણ ચંદ્રક આપવાની પ્રથા ચાલુ રહે તે માટે પહેલા દીપકભાઈ પટેલે રૂા. ૧,૦૦,૦૦૦ અને

વલ્લભભાઈ ઈટાલિયાએ સત્યશોધક સભાને રૂા. ૧,૦૦,૦૦૦/– (એક લાખ રૂપિયાનું) દાન આપ્યું. આ સહાયને કારણે હમણાં તો સુવર્ણ ચંદ્રક પ્રથા ચાલુ રાખવાનું શકય બન્યું છે. સત્યશોધક સભાને જ્યારે જ્યારે પણ આર્થિક મદદની જરૂર પડી હોય ત્યારે ત્યારે સમાજના પ્રગતિશીલ રેશનાલિસ્ટ લોકોએ આર્થિક મદદ કરી છે. આ પ્રથા સતત ચાલુ રહે તેવી હું આશા સેવું છું.

## ચિંતનકણિકા

–મોહન પટેલ

* જેઓ પોતાના સંપ્રદાયના ગુલામ બને છે – તેઓ સાચા જ્ઞાનથી વંચિત રહે છે. એટલું જ નહીં પરંતુ નવું શીખી પણ શકતા નથી. –ગલેન ગ્લોડીયસ
* જે ઊંડો સ્નેહ કરી જાણે છે – એ કદી વૃદ્ધ થતો નથી. –કોન્ફ્યુસિયસ
* વિવેકબુદ્ધિ એટલે સારાસાર છૂટો પાડવાની – સમજવાની બુદ્ધિ.
* Music is the short hand of Emotion. -Leo Tolstoy
* ઓશો કહે છે : કૂતરો એ કૂતરો જ છે – એણે કશું બનવાનું નથી – પણ માણસે તો માણસ બનવાનું છે.
* The Truth is Rarely Pure And Never Simple. - Oscar Wilde
* ઘા ભૂલાઈ જાય – તેટલી ત્વરાથી અપમાન ભૂલાતું નથી. – લોર્ડ ચેટરફીલ્ડ
* હું બીકણ લોકોથી જેટલો ડરુ છું. – તેનાથી વધુ બીજા કોઈથી ડરતો નથી. –રોબર્ડ કોસ્ટ(વિશ્વ કવિ)
* વહેમ એ તો નબળા મનવાળા માણસ માટે ધર્મ છે. –એડમંડ બર્હ
* જે તે રૂઢિગત વિચારો હાનિકારક : જીવનમાં પરિવર્તન જરૂરી છે. = ઉત્તમ વિચાર પ્રગતિ લાવે. –મોહન પટેલ

## સત્યશોધક સભાને દાન

જય સિન્થેટિકસના અજય ધીવાલા તરફથી સત્યશોધક સભાને રૂા. ૧૦,૦૦૦/– નું દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૧૭–૧૦–૨૪ **બી. એ. પરીખ**
**પેટ્રન**

SATYASHODHAK SABHA, SURAT

## સત્યશોધક સભા, સુરત

C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ૮/૧૩૦૮, રંગીલદાસ
મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–૩૯૫ ૦૦૧.
મો. – ૯૯૭૮૮ ૯૬૩૬૪
સ્થાપના : ૧૮–૦૬–૧૯૮૪

## <u>વિનંતી</u>

## સત્યાન્વેષણનો ૪૦૦ મો અંક !

સુજ્ઞ શ્રીમાન,

આપને જાણીને આનંદ થશે કે અમારા માસિક ‘સત્યાન્વેષણ’નો ફેબ્રુઆરી–૨૦૨૫નો અંક **૪૦૦** મો અંક બનશે. આપ જાણતા તો હશો જ કે સત્યશોધક સભા છેલ્લાં ચાલીસથી પણ વધારે વર્ષોથી ગુજરાતમાં અને ખાસ કરીને સુરત–દક્ષિણ ગુજરાતમાં વહેમ–અંધશ્રદ્ધાવિરોધી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

આપને જાણીને આનંદ થશે કે સત્યશોધક સભા અને ગુજરાતભરના રેશનાલિસ્ટોની અડધી સદીની ઝુંબેશના પરિણામસ્વરૂપ ગુજરાતમાં અંધશ્રદ્ધા વિરોધી કાયદો પસાર થયો છે. સત્યશોધક સભાનું ‘સત્યાન્વેષણ’ પણ એમાં યત્કિંચીત ફાળો આપી શકયું છે. એમાં પ્રસિદ્ધ થતાં લેખો, સાહિત્યિક રચનાઓ અને અન્ય બાબતો વાચકોને રેશનાલિઝમના રાહે પદાર્પણ કરવામાં મદદગાર બને છે.

સમાજસુધારણાના આ કાર્યમાં આપ પણ અમારા **૪૦૦**માં અંકમાં આપની સંસ્થાની જાહેરખબર આપી આપનો ફાળો આપી શકો છો. આથી આપને વિનંતી કે આપ જાહેર ખબર આપી અમને આભારી કરશોજી.

**જાહેરાતના દર :**

| | |
|---|---|
| અંદરનું સાદુ આખું પાન | રૂા. ૩,૦૦૦ |
| અંદરનું સાદુ અડધું પાન | રૂા. ૨,૦૦૦ |
| અંદરનું આખુ રંગીન પાન | રૂા. ૫,૦૦૦ |
| અંદરના બીજુ અથવા ત્રીજું ટાઈટલ | રૂા. ૭,૦૦૦ |

ઉપરાંત  શુભેચ્છકો પણ પોતાનો ફાળો આપી શકે તે હેતુથી વધારેમાં વધારે ત્રણ લીટીના શુભેચ્છા સંદેશા સાથે તેઓ રૂા. ૧૦૦૦/–નો ફાળો આપી શકશે.

૧૭–૧૦–૨૪

જાદવ વેકરિયા
સુષ્મા અય્યર
**મંત્રીઓ**

**આ અંગે આપશ્રી મો. નં. ૮૨૦૦૨ ૨૪૫૮૫ અને ૯૮૨૫૨ ૮૨૦૨૫ પર સંપર્ક કરશોજી.**

.....................................................................................................

**મંત્રીશ્રી,**
**સત્યશોધક સભા, સુરત**

**સુજ્ઞશ્રી,**

**તમારા તરફથી જાહેરખબરનો વિનંતીપત્ર મળ્યો. તદ્‌નુસાર આ સાથે મોકલાવેલી વિગત 'સત્યાન્વેષણ'માં અંદરનું સાદુ આખુ / અડધું પાન, રંગીન પાન, અંદરના ટાઈટલ કે શુભેચ્છક તરીકેની જાહેર ખબર પ્રસિદ્ધ કરજો. એ માટેનો ચેક/રોકડ રૂા. .................... આ સાથે મોકલીએ છીએ.**

**સહી**
સંસ્થાનો સિક્કો

**વાંચક મિત્રોને વિનંતી કે તેઓ પોતે અથવા પોતાના પરિચયમાં હોય તેમની પાસેથી જાહેર ખબર મેળવી આપે.**

---

## તક પ્રભુની દેણ નથી

તકનું હોવું અનિશ્ચિત છે. સમાજમાં વિવિધ વ્યવહારોનો જથ્થો અને પરસ્પરના છેદન–વીચ્છેદન એટલા બધા થાય છે કે  કયારે કયું પરીમાણ પેદા થશે એ સમયસર કહી શકાતું નથી. આથી કોઈ એક વ્યકિતની  દ્રષ્ટિએ તક અણધારી જ પેદા થાય છે. સ્વાભાવિક છે કે તક–સર્જનની પ્રક્રીયા નહીં સમજનારા કેટલાક વૈજ્ઞાનિકો સહિતના લોકો તકને ઈશ્વર, ખુદા કે ગોડનું નજરાણું સમજે !

જે સમાજમાં અનિશ્ચિતતા વધારે તેમાં લોકો પર 'ભગવાન'ની પકડ વધારે હોય છે. આ તકને અને અપાર્થિવ તત્ત્વને કોઈ સંબંધ નહીં હોવાની વાત સામાન્ય માણસોને માટે સ્વીકારવાનું જરા મુશ્કેલ છે. સૌથી પહેલા તો રેશનાલિસ્ટો પોતે જ તકની આ અનિશ્ચિતતામાં ફસાઈ નહીં જાય તેની તકેદારી રાખે. ત્યારબાદ અન્યોને સમજાવે કે ઈશ્વર, ખુદા, ગોડ જેવું કશું નહીં હોવાને કારણે એ તકને મોકલે એ શકય જ નથી.

SATYASHODHAK SABHA, SURAT

**સત્યશોધક સભા, સુરત**

C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ૮/૧૩૦૮, રંગીલદાસ

મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–૩૯૫ ૦૦૧.

મો. – ૯૯૭૮૮ ૯૬૩૬૪

સ્થાપના : ૧૮–૦૬–૧૯૮૪

## ‘સત્યાન્વેષણ’ના ૪૦૦મા અંક પ્રસંગે
## લેખકોને વિનંતી

**સુજ્ઞ શ્રી,**

**કુશળ હશો**

આપને જાણીને આનંદ થશે કે અમારા માસિક ‘સત્યાન્વેષણ’ નો ફેબ્રુઆરી–૨૦૨૫નો અંક ૪૦૦મો અંક બનશે. આપ જાણતા તો હશો જ કે સત્યશોધક સભા છેલ્લા ૪૦થી પણ વધારે વર્ષોથી ગુજરાતમાં અને ખાસ કરીને સુરત–દક્ષિણ ગુજરાતમાં વહેમ–અંધશ્રદ્ધા વિરોધી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

આપ જાણતા જ હશો કે સત્યશોધક સભા અને ગુજરાતભરના રેશનાલિસ્ટોની અડધી સદીની ઝુંબેશના પરિણામસ્વરૂપ ગુજરાતમાં અંધશ્રદ્ધા વિરોધી કાયદો સાકાર થયો છે. સત્યશોધક સભાનું ‘સત્યાન્વેષણ’ પણ એમાં યત્કિંચીત ફાળો આપી શકયું છે. એમાં પ્રસિદ્ધ થતાં લેખો, સાહિત્યિક કૃતિઓ અને અન્ય બાબતો વાચકોને રેશનાલિઝમના રાહે પદાર્પણ કરવામાં મદદગાર બને છે. એવા આ ‘સત્યાન્વેષણ’ ના **૪૦૦**મા અંકને અમે **ખાસ અંક** તરીકે પ્રસિદ્ધ કરવા માંગીએ છીએ. આપ પણ રેશનાલિઝમ ક્ષેત્રે બૌધ્ધિક વ્યાયામ કરો છો અથવા તો ભૂમિગત પ્રવૃત્તિઓ કરનાર એક કર્મઠ છો. આથી આપને વિનંતી કરીએ છીએ કે આપ આપના ચિંતન અથવા / અને ભૂમિગત પ્રવૃત્તિઓના દોહન સ્વરૂપે આપની કૃતિ અમને તા. ૩૧–૧૨–૨૪ સુધીમાં મોકલશોજી. અમે તે ‘સત્યાન્વેષણ’ ના **૪૦૦** મા અંકમાં પ્રસિદ્ધ કરવા માંગીએ છીએ. આપનું લખાણ વધારેમાં વધારે બે ફૂલસ્કેપમાં સમાય તે જોવા વિનંતી

આપ આ અંગે એક સહમંત્રી સુગીત પાઠકજી **(મો–૯૯૨૫૧ ૪૩૭૭૯)** અથવા મારો **(મો–૯૮૭૯૩ ૬૫૧૭૩)** નો સંપર્ક કરી શકશો.

**૧૭–૧૦–૨૪**

**સૂર્યકાન્ત શાહ**
પ્રમુખના વંદન

**વાંચક મિત્રોને વિનંતી કે તેઓ રેશનાલિઝમને કેન્દ્રમાં રાખીને એક–દોઢ ફૂલ્સ્કેપમાં એમના લેખ, અન્ય પ્રકારની સાહિત્યક કૃતિઓ મોકલે.**

# માંડૂક્યોપનિષદચિંતન

**–પ્રવિણ ગઢવી**

ઓમ અક્ષર, અમર, અવિનાશી છે. આ બધું જે આપણને પ્રતીત થાય છે, દ્રશ્ય છે તે તેનો વિસ્તાર છે. ભૂત, વર્તમાન, ભવિષ્ય પણ ઓમકાર છે. ત્રણ કાળ પાર, કાલાતીત પણ ઓમકાર છે. (શ્લોક ૧)

ઉપનિષદના ઋષિઓને ઓમનું, ઓમકારનું બ્રહ્મનું પરમ તત્ત્વનું પરમાત્માનું ઘેલું વળગેલું છે. બધાં ઉપનિષદ આ એક જ વાતનું પુનરાવર્તન કરે છે. વિશ્વમાં કોઈક અશરીરી તત્વ છે, પરમ તત્વ છે. તે વિશ્વસર્જક, વિશ્વનિયંતા છે અને વિશ્વવિનાશક છે. તે અજર, અમર છે. વેદકાળના ઋષિઓ પરમ તત્ત્વના હોવા વિશે અસમંજસમાં હતા, પણ ઉપનિષદના ઋષિઓએ તો 'ગગનારવિંદ ન્યાય'–આકાશમાં કમળ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. હવે તો મનુષ્યની દૂરબીન દ્રષ્ટિ સ્પેસ ટેલિસ્કોપથી હજારો–લાખો પ્રકાશવર્ષ દૂરનું નિહારિકા વિશ્વ જોઈ શકે છે. કયાંય પરમ બ્રહ્મ દેખાતું નથી.

પેલું બધું જ બ્રહ્મ છે. આ આત્મા બ્રહ્મ છે. તે આ આત્મા ચતુષ્પાદ છે. (શ્લોક ૨)

પરમાત્મા અને આત્મા બ્રહ્મ છે. દરેક જીવમાં પરમાત્મા વસે છે. એમ સતત કહેવામાં આવે છે. તો વિશ્વમાં કેટલાક સજ્જન હોય છે. કેટલાક દુર્જન દુષ્ટ હોય છે. તો એવું કેમ ? જે પરમાત્મા સર્વત્ર હોય તો એક સરખો જ હોવો જોઈએ. જો કોઈ કોઈનું ખૂન કરે તો તે પરમાત્મા જ કરે છે, તો પછી તેને સજા શા માટે ?

વળી દરેકમાં પરમાત્મા વસે છે તો પછી વર્ણભેદ અને આભડછેટ કેમ ? (તે આત્માનો) પહેલો પાદ (પગ) જાગ્રત દશાના સ્થાન કે ક્ષેત્રમાં વિચરતો એવો બહિર્મુખ, સાત અંગ અને ઓગણીસ મુખ ધારણ કરનારો (અને તે વડે) સ્થૂળ એલા દ્રશ્યને ભોગવતો હોય એવો વૈશ્વાનર છે.

વૈશ્વાનર એટલે વિશ્વ પુરુષ. તેનું પહેલું પગલું અર્થાત્ સ્વરૂપ જાગ્રત અવસ્થા છે. ઋષિઓ આત્માની ત્રણ અવસ્થા ગણાવે છે. જાગ્રત, સ્વપ્ન અને નિંદ્રા.

જાગ્રત અવસ્થામાં જે જોઈએ છીએ તે જ સાચું, સત્ય છે. સ્વપ્ન એ જીવાતા જીવનનું અસ્પષ્ટ પ્રતિબિંબ છે, રિફલેકશન છે અને નિદ્રા અવસ્થામાં સ્વપ્ન આવતાં

નથી. એટલે કે મગજની ચેતન અવસ્થા સુષુપ્ત થઈ જાય છે. સ્વપ્નની કોઈ કિંમત નથી ! 'મૂંગે કો સપનો ભયો, સમજ સમજ કે પસ્તાય.'

આ ત્રણ પાદ અથવા અવસ્થા ચોથા પાદને ઢાંકી રાખે છે એમ ઋષિઓનું માનવું છે. 'તરણા ઓથે ડુંગર કરે, કોઈ દેખે નહિ.' અર્થાત્ ત્રણ અવસ્થા પાર પરમ તત્વ છે. હવે માણસ જાગ્રત, સ્વપ્ન અને નિદ્રા અવસ્થામાં પામી ન શકે તો કયારે પામી શકે ? (શ્લોક ૪–૫)

એ સૌનો ઈશ્વર છે. એ સર્વજ્ઞ છે. એ અંતર્યામી છે. એ સંપૂર્ણ જગતનું કારણ છે કેમ કે સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ પણ તે જ છે. (શ્લોક ૬)

પરમેશ્વરના અસ્તિત્વની વાત દરેક ઉપનિષદ, બ્રહ્મસૂત્ર કે ગીતામાં પુનરાવર્તન પામ્યા જ કરે છે. આ કલ્પના એકલી આપણા તત્વચિંતકોની નહિ, યહુદી ધર્મની પણ છે. ત્યાં યહોવાહ, ગોડ અને અલ્લાહ છે. ઉપનિષદો પછી પૌરાણિક કાળમાં ઈશ્વરનાં ત્રણ સ્વરૂપની કલ્પના : બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. બ્રહ્મા સર્જક, વિષ્ણુ સંચાલક અને શિવ વિનાશક. કાલ ઉઠીને બ્લેકહોલ–શ્યામગર્તને કોઈ શિવગર્ત કહે તો નવાઈ નહિ !

વિષ્ણુના પાછા અવતાર થયા. મુખ્યત્વે રામ અને કૃષ્ણ. બુદ્ધ તો નામના ! એક ઈશ્વરની ઉપનિષદની કલ્પનામાંથી અનેક ઈશ્વર કલ્પાયા. તે ઈજિપ્તથી ઊલટું થયું. ઈજિપ્તમાં અનેક દેવવાદ હતો. પછી એક દેવ–એકેશ્વરવાદ આવ્યો. તે જ કલ્પના યહુદીઓએ લીધી. તેમાંથી ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મોમાં આવી.

'ન અંતર્મુખ, ન બહિર્મુખ, ન બહાર, ન અંદર, ન પ્રજ્ઞાનઘન, ન પ્રજ્ઞ, ન અપ્રજ્ઞ, અદ્રષ્ટમ, અવ્યવહાર્ય, અગ્રાહમ, અલક્ષણ, અચિંત્ય, અવર્ણ્ય, એકાત્મ અનુભવના સારરુપ તે છે. જે શાંત છે. જે શિવ છે, અદ્વૈત છે એવો ચોથો પાદ, તે આત્મા છે. જીવે તેને જાણવાનો છે. તે વિજ્ઞેય છે.' (શ્લોક ૭)

નિર્ગુણ, નિરાકાર પૂર્ણબ્રહ્મ એ આત્માનું ચોથુ પદ. પરમાત્મા ન જોઈ શકાય, ન વર્ણવી શકાય એવું કલ્પિત સ્વરૂપ છે અને એટલે જ હજી સુધી કોઈએ ઈશ્વર જોયાનો દાવો કર્યો નથી. હા, આવા કોઈ તત્ત્વની સતત મનમાં રટણા કર્યા કરો તો એ હોવાનો માનસિક અહેસાસ થાય. સ્વપ્નમાં પણ શ્રીનાથ સ્વરૂપે આવે, પરંતુ તે બધી માનસિક ભ્રમણાઓ છે. વાસ્તવમાં આવું અદ્રશ્ય, અશરીરી એવું કોઈ આત્મ તત્ત્વ વિશ્વમાં છે જ નહિ.

''જે ચતુષ્પાદી કહ્યો તે આત્મા ત્રણ માત્રાઓવાળો (એટલે કે અક્ષરવાળો) ઓઉમ ઓંકાર છે.' (શ્લોક ૮)

બ્રાહ્મી અને ખરોષી લિપિમાંથી મધ્ય કાળમાં નાગરી લિપિ (નગરજનોની લિપિ) બની, પછી બ્રાહ્મણોએ એને દેવનાગરી (દેવોની લિપિ) બનાવી. એમાં આ ઓઉમનું પ્રતીક કયાંથી, કયારે આવ્યું, તે સંશોધનનો વિષય છે. પ્રવર્તમાન કક્કા, બારાખડીમાં તો ઓઉમ નથી.

ઋષિ અહીં ઓઉમ પ્રણવમંત્રને જ પરમાત્મા, પરમબ્રહ્મ ગણાવે છે. 'ઓંકારની પહેલી માત્રા 'અ' સમસ્ત જગતમાં વ્યાપ્ત હોવાથી અને આદિમત્વ પ્રથમ હોવાથી જગતની ભ્રાંતિ સ્થૂળ જગતરૂપ, શરીરયુક્ત વૈશ્વાનર નામે પહેલું પદ છે. જે આ પ્રકારે જાણે છે, તે અવશ્ય સંપૂર્ણ ભોગોને પ્રાપ્ત કરે છે અને સર્વનો આદિ બને છે.' (શ્લોક ૯)

અહીં અઉમનું વિશ્લેષણ 'અ' એ પહેલો સ્વર છે. કદાચ માનવીના ઉચ્ચારનો પણ એ પહેલો જ હશે. 'અ' પછીથી બીજા સ્વરો, વ્યંજનો બન્યા હશે. એનું આવું મહત્વ જોઈ તેને અહીં પરમાત્મા સ્વરૂપ આપવામાં આવ્યું છે. ગીતામાં પણ કૃષ્ણ દ્વારા પોતે 'અ' છે, એમ કહેવાયુ છે.

શ્લોક ૧૦ માં ઉનો મહિમા બતાવ્યો છે. 'અ'થી મોટો હવાથી શ્રેષ્ઠ છે 'અ' અને 'મ'ની વચ્ચે હોવાથી બંને સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તે ઉભય સ્વરૂપ છે. સ્વપ્ન જેવો સૂક્ષ્મ જગતરૂપ શરીર, તેજસ (ઉગ્ર પ્રકાશિત) નામે બીજો પાદ જે ઓમ જાણે છે. તે અવશ્ય જ્ઞાનની પરંપરાને ઉન્નત કરે છે અને સમાન ભાવયુકત થઈ જાય છે. એના કુળમાં પરમેશ્વરને ન જાણવાવાળો નહીં થાય.

અર્થાત્ સ્થૂળ જગતના પ્રાગટ્ય પહેલા પરમેશ્વરના, સંકલ્પ, ઈચ્છાથી પહેલાં સૂક્ષ્મ સૃષ્ટિ ઉત્પન્ન થઈ. તેમાં પરમાત્મા તેજસ રૂપે રહે છે. તેથી 'ઉ' સ્થૂળ સૃષ્ટિ પહેલાંની સૂક્ષ્મ સૃષ્ટિના વચ્ચે હોવાથી પ્રતીક રૂપે છે.

ઉત્ક્રાંતિના સિદ્ધાંત મુજબ પહેલાં વાદળી લીલી લીલ ઉત્પન્ન થઈ. તેણે પૃથ્વી પરનો કાર્બનડાયોકસાઈડ ચૂસીને ઓકિસજન ફેલાવ્યો. ઓકિસજન ઉત્પન્ન થતા રાસાયણિક પ્રક્રિયાથી ગતિશીલ જીવ અમીબા ઉત્પન્ન થયો. કરોડો વર્ષો સુધી આવી સૂક્ષ્મ સૃષ્ટિ રહ્યા પછી ક્રમશઃ વાઈરસ, બેકેટરિયા, યુકાર્યોટીક કોષમાંથી જીવસૃષ્ટિ આગળ વધી અને મનુષ્ય રૂપ પામી.

અધ્યાત્મવાદીઓએ વાઈરસ તો ન જોયો હોય, પરંતુ કીડી મંકોડાને સૂક્ષ્મ જીવસૃષ્ટિ માનતા હશે. દૂધમાંથી દહીં કે સડેલા ફળ–અનાજમાંથી મદ્યાર્ક ઉત્પન્ન થયો હશે, ત્યારે

સૂક્ષ્મ જીવાણુઓનો પરિચય થયો હશે. ચાર્વાકે દ્રાક્ષના રસમાં 'કિણ્વ' નાખવાથી જેમ મદ્ય ઉત્પન્ન થાય તેમ 'જીવ' ઉત્પન્ન થયો હોવાની વૈજ્ઞાનિક ધારણા કરી છે.

શ્લોક ૧૧ માં 'મ'નો મહિમા કરવામાં આવ્યો છે. 'મ' માપ કરવા જાણવાવાળો હોવાને કારણે અને વિલીન કરવાવાળો હોવાથી સુષુપ્તિની જેમ કારણના વિલીન જગત જ જેનુ શરીર છે. પ્રાજ્ઞ જેનો ત્રીજે પગ છે જે આ રીતે જાણે છે તે અવશ્ય છે. મ સંપૂર્ણ કારણ જગતને માપી લે છે. અર્થાત્ જાણી લે છે. અને સૌને પોતાનામાં વિલીન કરવાવાળો થાય છે.

અહીં કૃત્રિમ રીતે મારીમચડીને 'મ'નો મહિમા કરવામાં આવ્યો છે જે એક પ્રકારનો વિતંડાવાદ જ છે. 'બાલ કી ખાલઃ ઉખેડવા જેવું આ બ્રાહ્મણ ઋષિઓ કરે છે. તમે દલીલ કરો તો કહે કે 'બ્રહ્મવિદ્યા' સમજવી બહુ કઠિન છે. તમને સમજણ ન પડે ! અઉમમાં 'મ' બોલો પછી મુખ બંધ કરી દેવાનું છે !

આ પ્રમાણે માત્રા રહિત ઓંકાર = પ્રણવ જ અવ્યવહાર્ય પ્રપંચથી અતીત કલ્યાણમય (શિવનો અર્થ અહીં કલ્યાણ કર્યો છે. ખરખર શિવ તો વિનાશકર્તા છે. ) અદ્વિતીય પૂર્ણ બ્રહ્મનો ચોથો પગ છે. તે આત્મા અવશ્ય આત્યા દ્વારા પરાત્પર બ્રહ્મ પરમાતમામાં પૂર્ણતયા પ્રવેશ પામે છે.

સમગ્ર માંડૂકયોપનિષદમાં પરમાત્માને ચાર પગનો કલ્પી ઓંકાર પ્રણવનો મહિમા કરવામાં આવ્યો છે. ઈશ્વર વિશેની કપોળકલ્પનાઓ વિવિધ ઉપનિષદોમાં કરવામાં આવી છે. ચાર્વાક, કપિલ, મહાવીર અને બુદ્ધ સિવાયના તમામ ઋષિઓએ કલ્પિત ઈશ્વરનું વર્ણન કર્યુ છે. ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારી લીધું છે. કયાંય શંકા કરવામાં આવી નથી. શંકા ન હોય ત્યાં વિજ્ઞાન હોઈ જ ન શકે.

**સંદર્ભગ્રંથ :**


(૧) માંડૂકયોપનિષદ, મગનભાઈ દેસાઈ, ગુજરાત વિદ્યાપીઠ,

(૨) ઈશાદિ નૌ ઉપનિષદ, ગીતા પ્રેસ, ગોરખપુર.


---

એ વાત સાચી છે કે વૈજ્ઞાનિકોનું મુખ્ય કામ સંશોધનોનું છે. સંશોધનોની સાથે સાથે એમને આવતા નવા વિચારોને પણ ઉપયોગમાં લેવાનું કામ પણ એમનું છે. અહીં વાત અટકતી નથી. ઘણા વૈજ્ઞાનિકો માને છે અને ઈચ્છે છે કે સામાન્ય માણસ એમણે અને અન્ય વૈજ્ઞાનિકોએ શોધેલા નવાં પરીમાણ અને વિચારોને સમજે. આથી તેઓ સાદી ભાષામાં લખે છે, બોલે છે, તક મળે તો સામાન્ય માણસો સાથે તેની વાતો કરે છે. આમ કરીને આવા વૈજ્ઞાનિકો વૈજ્ઞાનિક અભિગમને વિસ્તારે છે એમને સલામ !

# સલામ જયંત પંડયાને



આપણા રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત જયંત પંડયા આપણા સૌની સલામના અધિકારી બન્યા છે. ધર્મનો આશરો લઈને અને બહુમતીને ધાર્મિક લાગણીથી ઉશ્કેરતી રાખતો પક્ષ જ્યારે સત્તા પર આવે છે ત્યારે તે ધર્મના સ્થાનિક કારભારીઓને અલિખિત સંદેશો મળતો હોય છે કે તેઓ ધર્મના નામે કશું પણ ખોટું કરી શકશે. તેમ કરીને તેઓ પોતાનો માત્ર રોટલો જ શેકી શકશે નહીં, પરંતુ સાત પેઢી સુધી ઘી–માખણ ઝાપટી શકશે ! આજુબાજુ બનતા બનાવોને તટસ્થ ભાવે પણ તપાસવામાં આવે તો આ બિહામણુ સત્ય આંખે ઉડીને વળગે તેવું છે.

આ પ્રકારની રાજ્યવ્યવસ્થા બીજો પણ એક અલિખિત સંદેશો આપે છે કે તેઓ બિનસાંપ્રદાયિક સંસ્થાઓ અને સરકારી કાર્યાલયો પર પણ અદશ્ય એવો પ્રભાવ પાથરી શકશે. એમને અવૈધિક સ્વરુપે પોતાના કબજામાં લઈ શકશે. આ નવી પ્રથાનો અમલ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ ઘણા રાજયોમાં, કેન્દ્ર સરકારની વિવિધ કચેરીઓમાં, ખાતામાં અને આગળ વધીને કાયદો, વ્યવસ્થા અને ગુનાઓની તપાસ કરતી એજન્સીઓમાં પણ વ્યાપક બન્યો છે. આમ એવો માહોલ પેદા કરવામાં આવ્યો છે કે જેમ નકલી સરકારી કચેરીઓથી માંડી નકલી અદાલતો પણ સામાન્ય જનને અસલી લાગે છે, તેમ એને એવું પણ લાગવા માંડયું છે કે ધર્મના નામે કોઈ પણ સ્થળે કશું પણ ખોટું થતું જ નથી. બધું બરાબર છે !

આવા માહોલમાં કોઈક સરકારી કચેરીમાં કોઈક ધાર્મિક કથાનો કાર્યક્રમ કચેરીના કામના કલાકો દરમિયાન કથાના સમય પૂરતી કચેરી બંધ રાખીને કચેરીના અધિકારીઓથી માંડી પટાવાળા સુધીની ભાગીદારીથી થાય તો તેમાં કશું ખોટુ થયાનું કોઈને લાગતું જ નથી ! આપણા જયંત પંડયાને તે ખોટુ લાગ્યુ ! એમના જેવા આપણે રેશનાલિસ્ટોને પણ

આવું જે કંઈ થાય છે તે ખોટું થયાનું તો સમજાય જ છે, પરંતુ આપણામાં હિંમતનો અભાવ અને વ્યવસ્થાશકિત નહીં હોવાની નબળાઈ આપણને તેવા ખોટા કાર્યક્રમને પડકારવાનું મનોબળ પૂરું પાડતી નથી. આપણે ચૂપ રહીએ છીએ. આ મુદ્દા પર જયંત પંડયા આપણાથી નોખા પડે છે. એમણે બધી જ પૂર્વ તૈયારી કરીને પૂરી તાકાતથી એ સરકારી કચેરીમાં યોજાનાર ધાર્મિક કથાનો સ્થળ પર જઈને વિરોધ કર્યો. કદાચ તાજેતરના ઈતિહાસમાં સરકારી કચેરીએ જઈ એક કર્મઠે કચેરીના કાર્યવાહકોને કથા બંધ કરવાનું પહેલીવાર આહ્વાન કર્યું ! કોથળામાંથી બિલાડું તો ત્યારે નીકળ્યું કે જ્યારે એ રહસ્યોદ્ઘાત થયો કે  એ કથાનો આર્થિક બોજો એ કચેરીમાંથી કોન્ટ્રાકટ મેળવતો એક કોન્ટ્રાકટર ભોગવવાનો હતો ! આખા ધાર્મિક કાર્યક્રમ પર ભ્રષ્ટાચારનો પડછાયો રહ્યાનું આપોઆપ પુરવાર થયું. કોઈપણ કોન્ટ્રાકટર, કોઈપણ ધંધાદારી સરકારી કચેરીઓ અને બાબુઓ પર ત્યારે જ વરસે કે જયારે એને બદલામાં અનેકગણો લાભ થાય. આમ જયંત પંડયાએ તો એ કચેરીને ભ્રષ્ટ થતી અટકાવી. આસ્તિકોની ભાષામાં ‘ધર્મ’નું કામ કર્યું !

પંડયાએ આ કામ કરતા તો કર્યું, પણ એમના કાર્યથી જેમને પોતાનો ધર્મના પાયે ચાલતો ગરાસ લૂંટાઈ જવાનો ભય લાગે એ તો શાંત બેસી રહે જ નહીં તે સમજી શકાય તેવું છે. એવાઓ શાંત બેસતા નથી. તે જ દર્શાવે છે કે ‘ધર્મ’ એક ધંધો છે. સામાન્ય ધંધાદારી તો માલ–સેવા આપીને બે પૈસા કમાય છે, જ્યારે આ ધંધાદારીઓ તો લાલચ–ભયની ભ્રમજાળ ફેલાવીને જ કશું આપ્યા વિના માલ–મલીદો ખાઈ શકાય તેટલો ‘નફો’ પેદા કરે છે ! આથી તેઓ તો ઉશ્કેરાય જ. તેઓ જયંત પંડયાને ધમકીઓ આપતા થઈ ગયા છે. જયંતભાઈએ પોતાની સુરક્ષા માટે ખાસ કાળજી લેવી પડશે. આવા કસોટીના સમયે આપણે સૌ રેશનાલિસ્ટો એમની પડખે ઉભા જ છીએ તેની ખાતરી સત્યશોધક સભા આપ સૌ વાચકો–રેશનાલિસ્ટો વતી એમને આપીએ છીએ. સત્યશોધક સભા એમના પૂરા ટેકામાં છે. ઉપરાંત આ ‘સત્યાન્વેષણ’ દ્વારા અમે બાહ્ય જગતને પણ જણાવવા માંગીએ છીએ કે, ‘જયંત પંડયા ‘એકલા’ નથી. અમે એમની સાથે છીએ, અને છીએ જ !’ આ બનાવ આપણા સત્તાધારીઓને પણ સંદેશો આપે છે કે તેઓ એ જુએ કે એમના નામે સ્થળ પરના એજન્ટો આવા પ્રજા વિરોધી અને સાંપ્રદાયિક કાર્યક્રમો કોઈપણ સરકારી કચેરીઓમાં, સંસ્થાઓમાં તેમ જ અનુદાન લેતી સંસ્થાઓમાં નહીં કરે.

સત્યશોધક સભા

## તાકીદની સાધારણ સભા

સત્યશોધક સભાની તાકીદની સાધારણ સભા તા. ૨૪–૧૧–૨૪ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે મંત્રી ડૉ. સુષ્મા અય્યરની હોસ્પિટલ (સુદીપ હોસ્પિટલ, વિજય પાનની સામે, સિટી લાઈટ રોડ, સુરત) મુકામે નીચેનાં કાર્યો પર વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા માટે મળશે. હાજર રહેવા વિનંતી. (કોરમના અભાવે મુલતવી સભા અડધો કલાક બાદ મળશે.)

:: કાર્યસૂચિ ::

૧. ગત સભાની કાર્યવાહી મંજુરી માટે.

૨. નીચેના સભ્યોએ આપેલ રાજીનામા મંજુર કરવા .

   ૧. પ્રેમ સુમેસરા

   ૨. વલ્લભ ઈટાલિયા

   ૩. સુનીલ શાહ

૩. પૂર્વ પ્રમુખ બાબુભાઈ દેસાઈના અવસાનને કારણે એમનું નામ કારોબારીમાંથી કમી કરવા અંગે.

૪. પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય.

૩૦–૧૦–૨૪

જાદવ વેકરિયા
સુષ્મા અય્યર
મંત્રીઓ

---

* આ દુનિયામાં કશું શાશ્વત નથી, જો કશું શાશ્વત હોય તો તે છે ગુંચવાડો.

–જોનાથન સ્વીફ્ટ

* આ જ આપણી પૃથ્વી પર જે સામાજીક અને વ્યવહારુપતાના પ્રશ્નો ઉકેલવાની જરુર ઉભી થઈ તેમાંથી જ કદાચ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને સંકલ્પો (concepts) પેદા થયા હોવા જોઈએ.

* આમ તો આજુબાજુ બધુ પરિવર્તનશીલ જ છે. આમ છતાં સેંકડો વર્ષના ઉપયોગી અનુભવો અને અવલોકનોથી એવું પુરવારથયું કે ન્યુટને ગુરુત્વાકર્ષણનો જે સિદ્ધાંત શોધ્યો, ઈલેક્ટ્રોનની ઉત્સર્જન કે એનુ સરસ માળખુ શાશ્વત છે.

---

**'સત્યાન્વેષણ'ના તા. ૧૫–૧૦–૨૪માં પાન : ૧૬ ના છેલ્લા ફકરામાં '૧૧ મંદિરો તૂટયા' પ્રસિદ્ધ થયું છે. તે '૧૧૦૦ મંદિરો તૂટયા' વાંચવું.**

## કલ્ચરલ એજ્યુકેશન ફોરમ, અમદાવાદ પ્રકાશિત,

# ‘ચાર્લ્સ ડાર્વિન અને ઉત્ક્રાંતિનો સિદ્ધાંત’

### પુસ્તિકામાંથી સાભાર

અમારો હેતુ ડાર્વિન, આઈન્સ્ટાઈન અને એવા અનેક વિજ્ઞાનીઓની વૈજ્ઞાનિક શોધ, તથા તેની ખોજમાં તેમના જીવન સંઘર્ષ વિશેની વાત દ્વારા સામાન્ય લોકોમાં વિદ્યાર્થી–યુવાનોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને ચિંતન કેળવવાનો છે. વિજ્ઞાનની કસોટીમાંથી પાર ઉતરેલ સત્ય–વૈજ્ઞાનિક સત્યને માનવું અને તેના થકી જીવનના તમામ પ્રશ્નોનો ઉકેલ શોધવો – એ સાચો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ છે. જે વૈજ્ઞાનિક સત્યોને પગલે મનુષ્ય નવા નવા આવિષ્કારો કરી રહ્યો છે અને ૨૧મી સદીમાં જેનો આપણે સહજપણે ઉપયોગ કરી રહ્યા છીએ, તેને શોધવામાં અથાક સંઘર્ષ અને તેની સાબિતી માટે કંઈક બલિદાનોથી આપણો ઈતિહાસ ભરેલો છે.

* * *

વહાણના કપ્તાન ફિટ્ઝ રોય ઘણી જગ્યાએ ડાર્વિનને તેમની ટીમ સાથે ઉતારી દેતા અને મહિનાઓ પછી તેમને ત્યાંથી લઈ જતા. ડાર્વિને કેટલીક મજલો તો આંતરિયાળ વિસ્તારોમાં ઘોડા પર બેસીને કે નાની હોડીમાં બેસીને કાપી જે અઠવાડિયાઓ સુધી ચાલતી.

* * *

ટિએરા ડેલ ફયુએગોના પ્રદેશમાં ‘બિગલ’ જહાજે તેની પહેલાંની સફર દરમિયાન ત્યાં રહેતા ત્રણ આદિમાનવ જેવી પ્રાથમિક કક્ષામાં રહેતા માણસોને ઈંગ્લેન્ડ સાથે લીધા હતા. ‘બિગલ’ ફરી જ્યારે આ સ્થળે પહોંચ્યું ત્યારે તે ત્રણ માણસો કે જેમને ઈંગ્લેન્ડમાં શિષ્ટાચાર શીખવાડી મિશનરી બનાવાયા હતા, તેઓને તેમના પ્રદેશમાં પાછા મૂકવાના હતા. જ્યારે તેમને સ્વજનો વચ્ચે છોડવામાં આવતા હતા ત્યારે જહાજ પરના અનેક લોકોએ તેમની વચ્ચેના તફાવતને ઉતરતી જાતિ અને ઊંચી જાતિ તરીકે ખપાવ્યો. જ્યારે ડાર્વિને તેને સંસ્કૃતિના વિકાસમાં તફાવત તરીકે જોયું.

* * *


એમ્મા વેજવુડને ડાર્વિનનો નિર્દોષ અને પ્રમાણિકપણે વિચારો રજૂ કરવાનો સ્વભાવ ગમ્યો અને ૨૯ જાન્યુઆરી ૧૮૩૯ના રોજ તેમણે લગ્ન કર્યા.

* * *

ઉત્ક્રાંતિના સિદ્ધાંત પરના વિચારોથી એમનું મન એટલું ભરાયેલું રહેતું કે તેના પ્રત્યાઘાતો વિશે પણ તેમને સપનાં આવતાં. તેમને એવું સ્વપ્ન આવ્યું હતું કે તેમને ફાંસીએ લટકાવી દેવાયા છે.

* * *

જ્હોન ગોલ્ડ ડાર્વિને ૧૮૩૭ માં પહેલીવાર જીવનવૃક્ષ (Tree of Life)નું રેખાંકન તેમની નોંધપોથીમાં કર્યું.



* * *

૨૨ નવેમ્બર, ૧૮૫૯ના રોજ આ પુસ્તક પ્રસિદ્ધ થયું. શીર્ષક હતું 'On the origin of species by means of Natural Selection' અને તેને જબરદસ્ત આવકાર મળ્યો. પહેલા જ દિવસે તેની બધી જ છપાયેલી ૧૨૫૦ નકલો વેચાઈ ગઈ. ઉત્ક્રાંતિ વિશે વર્ષોથી ચાલી રહેલી ખોજમાં ડાર્વિનનો સિદ્ધાંત અત્યાર સુધીનો સૌથી વધુ સુસંગત, સક્ષમ અને તેમાં વર્ણવેલા સેંકડો પુરાવાઓ દ્વારા ચકાસી શકાય તેવો હતો, અને માટે જ તેને આવકાર મળ્યો હતો. ડાર્વિનના આ સિદ્ધાંત માત્ર સજીવો જ નહીં પ્રકૃતિને જોવાનો નવો દ્રષ્ટિકોણ આપ્યો હતો.

આ સિદ્ધાંત પરનું પુસ્તક પ્રકાશિત થયા પછી, ઈંગ્લેન્ડના રૂઢિવાદી વર્ગમાં તેને ખંડિત કરવાના પ્રયત્નો પણ થવા લાગ્યા.

* * *

ભારતમાં પણ ૧૮૭૬માં બંકિમચંદ્ર ચટ્ટોપધ્યાયે તેમના બંગાળી સામાયિક 'બંગદર્શન'માં ડાર્વિનના સિદ્ધાંત પર લેખ આપ્યો હતો.

* * *

ઉત્ક્રાંતિના સિદ્ધાંતનો રૂઢિવાદીઓએ એમ કહી વિરોધ કર્યો કે તેમાં મનુષ્યને પ્રાણીઓમાંથી અવતરણ પામ્યો છે તેવું કહેવામાં આવ્યું છે. તેમનો આ વિરોધ જૂનીપુરાણી માન્યતાઓ દ્વારા મનુષ્યને ધાર્મિક રીતિરિવાજો પાપ–પુણ્ય વગેરેના જાળામાં ફસાવી રાખવાનો હતો. તો બીજી બાજુ ડાર્વિનના સિદ્ધાંતમાં વપરાયેલા શબ્દપ્રયોગોને ઔદ્યોગિક મૂડીવાદને બચાવવા માટે સામાજિક ડાર્વિનવાદના નામે વાપરવામાં આવ્યા. ડાર્વિને તેમના 'ઓરિજિન ઓફ સ્પેસિઝ' (Origin of Species)માં અસ્તિત્વ માટેનો સંઘર્ષ શબ્દ કુદરતમાં સજીવો અને બદલાતા વાતાવરણના સંદર્ભમાં કહ્યો હતો, પરંતુ જ્યાંથી તેમણે આ શબ્દ લીધો, તે માલ્થસ નામના અર્થશાસ્ત્રીએ ઔદ્યોગિક મૂડીવાદના સમર્થનમાં આર્થિક વ્યવસ્થાને માટે વાપર્યો હતો. હર્બટ સ્પેન્સર નામના અર્થશાસ્ત્રીએ ડાર્વિનના જે સૌથી વધુ અનુકૂલન સાધી શકે તે જ ટકી શકે. 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ' (Survival of the Fittest)ના વર્ણનને મુકત બજારની સ્પર્ધા સાથે જોડી દીધું. અર્ન્સ્ટ હેકલ નામના વ્યકિતના જાતિવાદી વિચારોને પણ ઉત્ક્રાંતિના સિદ્ધાંત સાથે જોડીને બતાવવામાં આવ્યા. ડાર્વિનના કુદરતી પસંદગીના વર્ણનનો પણ ઘણીવાર મૂડીવાદની ગળાકાપ સ્પર્ધા, વંશવાદ, યુદ્ધખોરી, સંસ્થાનવાદ અને સામ્રાજયવાદના શોષણને વાજબી ઠેરવવા દુરુપયોગ કરાયો.

જ્યારે આ બધાથી વિપરીત ડાર્વિને જાતિવાદ–વંશવાદનો વિરોધ કર્યો. ગુલામીપ્રથાનો વિરોધ કર્યો. કોઈ એક જૂથ કે જાતિ વિશેષ છે તેનો તેમણે ઈન્કાર કર્યો. તેમણે સજીવોને કુદરતના વાતાવરણ સાથે સંઘર્ષરત બતાવ્યા. ડાર્વિને જે બતાવ્યું હતું તે માત્ર જીવસૃષ્ટિ જ નહીં પરંતુ સમગ્ર પ્રકૃતિને જોવાનો નવો દ્રષ્ટિકોણ, મનુષ્યનું વિશ્વમાં સ્થાન, તેના રચનાકારનો ધ્વંશ, તેમણે પ્રકૃતિ સાથેના સંબંધ વિશેની માન્યતા બદલી નાખી. ડાર્વિને કહ્યું ગ્રહો, તારોઓની ગતિ નિયમ મુજબ થઈ રહી છે તેમ જીવઉત્ક્રાંતિ પણ કુદરતી પસંદગીના નિયમોથી પરિચાલિત છે.

આમ ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્ક્રાંતિ વિશે કોઈ અલૌકિક શકિત કે ઈશ્વરની રચના વિરુદ્ધ કુદરતના નિયમો, સજીવોમાં સ્થિરતા વિરુદ્ધ ફેરફારો, કાળક્રમે થતા ફેરફારો વિરૂદ્ધ કુદરતી હોનારતો જેવા વિરોધાભાસી વિચારોમાં વહેંચાયેલું હતું, પરંતુ સજીવોની ઉત્ક્રાંતિને લઈને બુદ્ધિજીવી વર્ગમાં ચર્ચા થવા લાગી હતી.

---

(પ્રાપ્તિસ્થાન : મેઘાણી લાઈબ્રેરી, નટરાજ રેલવે ક્રોસિંગ સામે, મીઠાખળી, એલિસ બ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬, ફોન : (૦૭૯) ૨૬૪૦ ૪૪૧૮)

# 'બંધારણ શિબિર'માં જોડાવા આમંત્રણ

બંધારણ સભાએ અથાક મહેનત બાદ ઘડેલ બંધારણની મહત્તા રાજ્યના દરેક તંત્ર તેમ જ દરેક નાગરિક માટે અગત્યની અને સમજવાની જરૂર છે. અમને એમ લાગે છે કે જો બંધારણનાં ધ્યેય અને મૂલ્યો આત્મસાત થાય, તો શાસનની ઘણી ત્રૂટિઓ દૂર થઈ શકે. આથી બંધારણની શક્ય તેટલી જાણકારી સમાજના વિવિધ વર્ગને પૂરી પાડવાના આશયથી જ અમે નીચેની વિગતે એક કાર્યક્રમનું આયોજન કરેલ છે.

સૂચિત કાર્યક્રમમાં ભાગ લેવા અમારું ઈજન છે. તેમાં નિમ્નલિખિત મુદ્દાઓ પર નિષ્ણાતોનાં વક્તવ્યો અને પછી તેના પર ચર્ચા અને પ્રશ્નોત્તરી થશે. કોઈ બેઠક લંબાઈ જાય, તો અન્ય બેઠક કે વિષયક્રમમાં ફેરફાર થવા સંભવ છે.

૧. રાષ્ટ્રના સર્વોચ્ચ કાયદા તરીકે બંધારણનું મહત્વ અને તેનાં વિશિષ્ટ લક્ષણો.

૨. લોકશાહીનો અર્થ અને સંસદીય સરકારની કામગીરીનું મૂલ્યાંકન.

૩. સામાજિક ન્યાય : બંધારણીય મૂલ્યની સમીક્ષા.

૪. કાયદાનું શાસન : દેશમાં કેટલા અંશે શક્ય બનેલ છે ?

૫. ધર્મનિરપેક્ષતાનો બંધારણીય ખ્યાલ.

૬. કાયદાની ત્રૂટિઓ નિવારવાના ઉપાયો.

ઉક્ત કાર્યક્રમમાં માર્ગદર્શન માટે નીચે જણાવેલ મહાનુભવોની સંભવિત ઉપસ્થિત રહેશે. પ્રા. ઈન્દ્રાયન (ગાંધીનગર), પ્રા. હરિ દેસાઈ, પ્રા. મનિષી જાની, પ્રા. હેમંતકુમાર શાહ, હર્ષ રાવલ એડવોકેટ, તૃપ્તિ શેઠ (વડોદરા), સુખદેવ પટેલ (અમદાવાદ).

જોડાવા ઈચ્છુક વ્યકિતઓએ નીચેની બાબતો ધ્યાનમાં રાખી બે દિવસ પૂર્વે પોતાનાં નામની નોંધણી કરાવી લેવી.

૧. સવારે ૦૮–૦૦ થી ૦૮–૩૦ ચા–પાણી નાસ્તાનો સમય પૂરો થયા બાદ સવાર ૯–૦૦ કલાકે કાર્યક્રમ શરુ થશે. કાર્યક્રમ ચાલુ હોય તે દરમિયાન અવર–જવર કરવી નહીં અને મોબાઈલ બંધ રાખવા.

૨. સમયપાલન, પૂર્ણ સમયન હાજરી, વ્યસન. પ્રતિબંધ અને અગાઉથી નામ–નોંધણી આવશ્યક છે.

૩. બહારગામથી આવનાર માટે, અગાઉથી જાણ કરી હશે  તો જ લોકનિકેતન ખાતે રાત્રિ રોકાણ અને ભોજનની વ્યવસ્થા થઈ શકશે. અગાઉથી જાણ કરેલ ન હોય તેમના માટે ભોજન કે રાત્રિ રોકાણ વ્યવસ્થા શકય બનશે નહીં. આગલા દિવસે લોકનિકેતન ખાતે ભોજન વ્યવસ્થા રાત્રે ૮ કલાક સુધી ઉપલબ્ધ હશે. રાત્રે રોકાણ કરનારાઓએ રાત્રે મોડામાં મોડા ૧૦ કલાકે પહોંચી જવું.

**તારીખ ૨૪/૧૧/૨૦૨૪, રવિવાર, સવારે ૮–૩૦ થી આશરે સાંજે ૫–૦૦ કલાક સુધી. વચ્ચે ભોજન વ્યવસ્થા તેમ જ છૂટા પડતાં પહેલાં ચા–પાણીની વ્યવસ્થા રહેશે. તેના સમયપત્રકનું પાલન કરવું.**

**સ્થળ : લોકનિકેતન, રતનપુર**

**આ શિક્ષણસંસ્થા પાલનપુરથી અંબાજી રોડ પર ૫–૬ કિ.મી. દૂર છે. જૂના બસ સ્ટેશનથી અંબાજી કે દાંતાની બસ લોકનિકેતન દરવાજે ઉતારશે. ભાડેથી રીક્ષા કરી હોય તો અંદર કાર્યાલય સુધી લઈ જવા રીક્ષા ચાલકને કહેવું.**

**:: આયોજક સંસ્થાઓ ::**

(૧) સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, બનાસકાંઠા (૨) બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર (૩) લોકનિકેતન, રતનપુર (૪) યુવા જાગૃતિ અભિયાન

**: નામ નોંધાવવા માટે :**

**ગિરીશ સૂંઢીયા – ૯૪૨૬૬ ૬૩૮૨૧    વિક્રમ વજીર – ૯૯૭૪૪ ૪૨૦૮૧**

**હિદાયત પરમાર – ૯૭૨૪૫ ૯૮૩૭૮    વસંત યાદવ – ૯૪૨૬૮ ૯૮૫૦૦**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

### ઉદાર સખાવતી
## શ્રી કનુભાઈ ભગવાનદાસ પટેલ



બહારના વિસ્તારો અને તેમાંયે ખાસ કરીને સૌરાષ્ટ્રથી સુરતમાં આવીને વસેલા લાખો નાગરિકોમાંથી કેટલાકે અહીં કારખાનાં ખોલ્યાં. એમાંના એક શ્રી કનુભાઈ ભગવાનદાસ પટેલ છે. તેઓશ્રી સુરતમાં ઈ. સ. ૧૯૭૫ દરમિયાન આવ્યા. આવીને એમણે સમય જતા પ્લાસ્ટિક–પોલિમરનું કારખાનુ નાંખ્યું. એમના કારખાનાની પેદાશને વિશ્વના બજારોમાં સ્થાન મળ્યું છે. તેઓશ્રી વૈશ્વિક કંપનીઓને આ પેદાશ વેચે છે. આ ઔદ્યોગિક પ્રવૃત્તિ કરતા તેઓશ્રી જે કમાય છે તે પોતાના પૂરતુ રાખતા નથી.

કંઈ કેટલાયે મૂળ સૌરાષ્ટ્રવાસીઓ સુરતમાં આવીને સુરતના થઈ ગયા છે. એમાંના એક કનુભાઈ છે. એમણે જોયું કે સુરતની 'છાંયડો' સંસ્થા સમાજોત્થાનનું મોટું કામ કરે છે. એ સંસ્થા સાથે તેઓ સંકળાઈ ગયા. એ જ પ્રમાણે અન્ય સંસ્થાઓને પણ એમનું મોટું યોગદાન મળે છે.

તેઓશ્રી આપણા પેટ્રન મુરબ્બી ડૉ. બી. એ. પરીખના સંપર્કમાં આવ્યા. તે થકી એમને આપણી સત્યશોધક સભાની જાણકારી મળી. એઓશ્રીને આપણી સંસ્થા જે વિચારપરિવર્તન અને સમાજસુધારણાનું કાર્ય કરે છે તે ગમ્યા. આથી એમણે સત્યશોધક સભાને એક ઉદાર સખાવતીને શોભે તેટલું રૂા. પાંચ લાખ (રૂા. ૫,૦૦,૦૦૦)નું માતબર દાન આપ્યું છે. સત્યશોધક સભા તેનો સાભાર સ્વીકાર કરે છે.

સુરતને પોતાનું બનાવવાનું એમની નવી પેઢીએ પણ ચાલુ જ રાખ્યું છે. એમની પુત્રવધૂએ સુરતના અડાજણ વિસ્તારમાં મિલેનિયમ શાળાની સ્થાપના કરી છે, અને તેઓ જ એનું સંચાલન કરી રહયા છે.

સત્યશોધક સભા કનુભાઈનો પુનઃ આભાર માને છે.

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**